Surat Municipal Corporation
e-Magazine
Issue 31
Dec.16, 2005

## સુરત શહેરમાં રાષ્ટ્રીય હાથીપગાની ઉજવણીમાં રૂબરૂમાં લોકોને ગળાવવામાં આવેલ DEC ગોળીઓનું ફિલ્ડ ઈન્વેસ્ટીગેશનમાં ૮૪.૧૯% સફળતા

ભારત સરકાર ધ્વારા ૨૦૧૫માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા. ૧૧ મી નવેમ્બરથી ૧૬ મી નવેમ્બર સુધી ફાઈલેરીયાની દવા રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના ભાગ રૂપે તા. ૧૧ મી નવેમ્બરના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાંથી ૧૧૦૦ જેટલી ટીમો રૂબરૂ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશનનું ફિલ્ડ વિસ્તારમાં લોકોએ ખરેખર હાથીપગા સંરક્ષણની ગોળીઓ ગળેલ છે કે નહિ, તેના માટે દરેક ઝોનમાંથી ૭૦ થી ૮૦ જેટલા ફોર્મ ઝોનનાં MDA થઈ ગયેલ વિસ્તારમાંથી વિસ્તૃત માહિતી મેળવવામાં આવેલ હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>



## Surat Municipal Corporation & SUDA planned 24 new projects in next five years

The city is likely to see much more development in the next five years with 14 projects having been planned by Surat Municipal Corporation (SMC) at an estimated cost of Rs 1,209 crore. Surat Urban Development Authority (SUDA) has also planned 10 projects at a cost of Rs 440 crore under the Jawaharlal Nehru National Urban Renewal Mission (JNNURM), a central government initiative. for development of urban sectors in 63 cities of the country ...

Click for More >>>>>>

## આઈ. ટી. ઉત્પાદનો માટે પ્રોસેસ્ડ ડેટા સહિતનાં સાધનોની જકાત માફીની મુદત સમાપ્ત

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ અનુસાર સુરત મહાનગરપાલિકા ધ્વારા જકાતમાફી નિયમ ૫ (૯૦) મુજબ કેન્દ્ર સરકારના ટેલીકોમ્યુનીકેશન ડીપાર્ટમેન્ટ તરફથી લાયસન્સ (પરવાનગી) મળેલ હોય તેવી સંસ્થા/કંપની ધ્વારા આયાત કરાતા બેઝિક ટેલી કોમ્યુનિકેશન સર્વિસ માટેના ઉપયોગી બધા પ્રકારની મૂળભૂત સાધન સામગ્રી, કેબલ અને એસેસરીઝ, ઈન્સ્ટ્રુમેન્ટ તથા સ્પેર પાર્ટસ વિગેરેને તથા જકાતમાફી નિયમ ૫ (૯૧) મુજબ ઈન્ફોરમેશન ટેકનોલોજીના ક્ષેત્રના આઈ.ટી.પ્રોડકટસ માટેની આઈ.ટી.સોફટવેરના પ્રોસેસ્ડ કરેલ ડેટા, પ્રોસેસ્ડ કરેલ ફલોપી, ડીસ્ક, કોમ્પેકટ ડીસ્ક અથવા મેગ્નેટીક ટેપના તમામ સાધનો સોફટવેર સાથેના હોય તેને અમલ થયાની તારીખથી પાંચ વર્ષ સુધી જકાત માફી આપવામાં આવેલ હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

## રાજપીપળા મુકામે ૩૮માં યુવા ઉત્સવમાં સુરત શહેરના સ્પર્ધકો ઝળકયા

ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર યોજીત ૩૮માં યુવા ઉત્સવની વડોદરા પ્રદેશની સ્પર્ધાઓ રાજપીપળા મુકામે તા. ૧૦ અને ૧૧ ડિસેમ્બર–૨૦૦૫ દરમ્યાન યોજવામાં આવી હતી. જેમાં સુરત શહેરના સ્પર્ધકોએ ૨૪ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓનું સ્પર્ધાઓ પૈકી સુરત શહેર ૮ સ્પર્ધામાં પ્રથમ, ૪ સ્પર્ધામાં દ્વિતિય તથા ૬ સ્પર્ધાઓમાં તૃતિય ક્રમે વિજેતા બન્યુ હતું.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરમાં રાષ્ટ્રીય હાથીપગાની ઉજવણીમાં રૂબરૂમાં લોકોને ગળાવવામાં આવેલ DEC ગોળીઓનું ફિલ્ડ ઈન્વેસ્ટીગેશનમાં ૮૪.૧૯% સફળતા


ભારત સરકાર ધ્વારા ૨૦૧૫માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા. ૧૧ મી નવેમ્બરથી ૧૬ મી નવેમ્બર સુધી ફાઈલેરીયાની દવા રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના ભાગ રૂપે તા. ૧૧ મી નવેમ્બરના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાંથી ૧૧૦૦ જેટલી ટીમો રૂબરૂ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશનનું ફિલ્ડ વિસ્તારમાં લોકોએ ખરેખર હાથીપગા સંરક્ષણની ગોળીઓ ગળેલ છે કે નહિ, તેના માટે દરેક ઝોનમાંથી ૭૦ થી ૮૦ જેટલા ફોર્મ ઝોનનાં MDA થઈ ગયેલ વિસ્તારમાંથી વિસ્તૃત માહિતી મેળવવામાં આવેલ હતી. તેનું મૂલ્યાંકન કરતાં શહેરનાં ૮૪.૧૯% લોકોએ રૂબરૂમાં ગોળી ગળેલ છે. દરેક ઝોનમાં આ પ્રમાણે લોકોએ રૂબરૂ ગોળીઓ ગળેલ છે. સેન્ટ્રલ ઝોન–૩,૬૦૪૯૧૩, ઈસ્ટ ઝોન–૫૪૯૩,૧૦૦, વેસ્ટ ઝોન–૨,૪૧,૦૩૦, નોર્થ ઝોન–૩,૬૦,૯૧૩, સાઉથ–ઈસ્ટ ઝોન–૩,૩૯,૯૧૨, સાઉથ ઝોન–૩,૭૮,૦૬૬, અને સાઉથ–વેસ્ટ ઝોન–૨,૧૮,૪૪૧ લોકોએ રૂબરૂમાં હાથીપગાની દવા લીધેલ છે. આમ સુરત શહેરની ૨૯,૫૫,૪૧૫ વસ્તી આવરી લેવામાં આવેલ હતી. જેમાંથી ૨૪,૮૮,૨૫૧ લોકોને કુલ ૬૪,૨૩,૨૮૨ ફાઈલેરીયાની ગોળીઓ ગળાવવામાં આવી હતી.

તમામ કાર્યક્રમનું આયોજન મ્યુનિ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો. આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારી ડો. એચ.એસ.દેસાઈ અને નોડલ ઓફિસર ડો. કે.જી.વૈષ્ણવના ટેકનીકલ માર્ગદર્શન હેઠળ મોનીટરીંગ અને ઈમ્પલીમેન્ટેશન કરવામાં આવ્યું હતું. શહેરની તમામ પ્રજાએ રૂબરૂમાં દવા ગળીને હાથીપગાને સુરત શહેરની નાબૂદ કરવા માટે લોકો તરફથી સ્વયંભૂ સાથ–સહકાર મળેલ હતો.

TOP

## SURAT MUNICIPAL CORPORATION & SUDA PLANNED 24 NEW PROJECTS IN NEXT FIVE YEARS

The city is likely to see much more development in the next five years with 14 projects having been planned by Surat Municipal Corporation (SMC) at an estimated cost of Rs 1,209 crore. Surat Urban Development Authority (SUDA) has also planned 10 projects at a cost of Rs 440 crore under the Jawaharlal Nehru National Urban Renewal Mission (JNNURM), a central government initiative. for development of urban sectors in 63 cities of the country.



Some of the ongoing projects this year would be bracketed along with the others under JNNURM, according to SMC commissioner Pankaj Joshi, who is also SUDA chairman.

Under JNNURM, half the funding would be from the Central government, while the stage government and the urban local body concerned would contribute 20 and 30 percent respectively according to an official note.



The projects to be taken up in areas under SUDA limits would be water supply and drainage system in several parts and developing gardens and lakes in Abva, Bhimrad, Pal and a sports complex at Khajod, Joshi said. A 66-km-long four-lane outer ring road at a cost of about Rs 100 crore has also been planned, Joshi added.



SMC city engineer said that projects drafted for grant under JNNURM include two bridge over Tapi at an estimated cost of Rs 140 crore and three new flyovers at Adajan, Parle Point and Kharwar. About 20 km of road would be cement-concretized. A new water treatment plant at Sarthana would ensure round-the-clock water supply to denizens here and on recreational front three swimming pools and an Olympic-size pool would also be developed.

The Tapi riverfront development, a balloon dam with a reservoir with provisions of diversion of storm water would also be clubbed in the projects under JNNURM. Emphasis would also be given to five drainage projects in Adajan, Bhesan, Athwa, and Bamroli at a cumulative projects cost of Rs 47 crore.

SMC would also take up housing projects for lower income group and economically weaker sections at a project cost of about Rs 100 crore, Other projects are as below.



| SMC AND SUDA PROJECTS (Estimated Costs in Rs. Crore) | | | |
|---|---|---|---|
| **NO.** | **PROJECTS** | **SMC** | **SUDA** |
| 1 | Inner city revitalisation | 50 | - |
| 2 | Water Supply | 100 | 30.30 |
| 3 | Sewerage | 58 | 128.40 |
| 4 | Solid Waste Management | 6 | - |
| 5 | Environment improvement, forestry | 163 | - |
| 6 | Bridge, Flyovers | 215 | - |
| 7 | Roads | 146 | 139.30 |
| 8 | Canal Road Development | 300 | - |
| 9 | EWS/LIG Housing | 100 | 20 |
| 10 | Science Center, Museum, Art Gallery | 30 | - |
| 11 | Slaughter House | 9 | - |
| 12 | GIS applications | 5 | - |
| 13 | Social Infrastructure, Lacks, Gardens, Markets, Sports Complex | 25 | 39 |
| 14 | Aquarium | 5 | - |
| 15 | Strom Water Drainage | - | 77.80 |
| 16 | Sewerage Projects | - | 5.50 |
| | **TOTAL** | **1209** | **440.30** |

(Courtesy Times of India)

**TOP**

## આઈ. ટી. ઉત્પાદનો માટે પ્રોસેસ્ડ ડેટા સહિતનાં સાધનોની જકાત માફીની મુદત  સમાપ્ત

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ અનુસાર સુરત મહાનગરપાલિકા ધ્વારા  જકાતમાફી નિયમ ૫ (૯૦) મુજબ કેન્દ્ર સરકારના ટેલીકોમ્યુનીકેશન ડીપાર્ટમેન્ટ તરફથી લાયસન્સ (પરવાનગી) મળેલ હોય તેવી સંસ્થા/કંપની ધ્વારા આયાત કરાતા બેઝિક ટેલી કોમ્યુનિકેશન સર્વિસ માટેના ઉપયોગી બધા પ્રકારની મૂળભૂત સાધન સામગ્રી, કેબલ અને એસેસરીઝ, ઈન્સ્ટ્રુમેન્ટ તથા સ્પેર પાર્ટસ વિગેરેને તથા જકાતમાફી નિયમ ૫ (૯૧) મુજબ ઈન્ફોરમેશન ટેકનોલોજીના ક્ષેત્રના આઈ.ટી.પ્રોડકટસ માટેની આઈ.ટી.સોફટવેરના પ્રોસેસ્ડ કરેલ ડેટા, પ્રોસેસ્ડ કરેલ ફલોપી, ડીસ્ક, કોમ્પેકટ ડીસ્ક અથવા મેગ્નેટીક ટેપના તમામ સાધનો સોફટવેર સાથેના હોય તેને અમલ થયાની તારીખથી પાંચ વર્ષ સુધી જકાત માફી આપવામાં આવેલ હતી. સુરત મહાનગરપાલિકામાં ઉપરોકત જકાતમાફીનો અમલ તા. ૧૧–૧૨–૨૦૦૦ થી શરૂ કરવામાં આવલ હતો, જેની મુદત તા. ૧૧–૧૨–૨૦૦૫ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાકે પૂર્ણ થતી હોય તા.૧૧–૧૨–૨૦૦૫ના રાત્રીના ૦૦.૦૦ કલાકથી જકાતમાફી નિયમ ૫(૯૦) અને ૫(૯૧) રદ થાય છે અને માફી નિયમમાં જણાવેલ તમામ ચીજ–વસ્તુઓ શહેરમાં આયાત થયેથી જકાતને  પાત્ર બને છે. આથી, શહેરના તમામ આયાતકારને જણાવવામાં આવે છે કે, ઉપરોકત ચીજ–વસ્તુઓ નિયમાનુસારની જકાત ભરપાઈ કરી શહેરમાં આયાત કરવાની રહેશે. જેથી જકાતચોરીના ગુન્હા સંબંધી કાર્યવાહી ટાળી શકાય.

TOP

## રાજપીપળા મુકામે ૩૮માં યુવા ઉત્સવમાં સુરત શહેરના સ્પર્ધકો ઝળકયા

ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર યોજીત ૩૮માં યુવા ઉત્સવની વડોદરા પ્રદેશની સ્પર્ધાઓ રાજપીપળા મુકામે તા. ૧૦ અને ૧૧ ડિસેમ્બર–ર૦૦પ દરમ્યાન યોજવામાં આવી હતી. જેમાં સુરત શહેરના સ્પર્ધકોએ ર૪ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓનું સ્પર્ધાઓ પૈકી સુરત શહેર ૮ સ્પર્ધામાં પ્રથમ, ૪ સ્પર્ધામાં ધ્વિતિય તથા ૬ સ્પર્ધાઓમાં તૃતિય ક્રમે વિજેતા બન્યુ હતું. સ્પર્ધાનું વિગતવાર પરિણામ નીચે મુજબ છે.

| પ્રથમ વિજેતા | | |
|---|---|---|
| **સ્પર્ધાનું નામ** | **સ્પર્ધાનો વિજેતા** | **વિજેતાનું નામ** |
| ચિત્રકળા | બ વિભાગ | ભાવેશ ડી. પટેલ |
| હળવું કંઠય સંગીત | બ વિભાગ | સંજય આર. રજવાડી |
| શાસ્ત્રીય નૃત્ય કથ્થક | બ વિભાગ | રેશમા એન. નાગર |
| એક પાત્રીય અભિનય | બ વિભાગ | દેવી કે. શુકલ |
| તબલા | ખુલ્લો વિભાગ | વશિષ્ઠ શાસ્ત્રી |
| સીતાર | ખુલ્લો વિભાગ | વિવેક ટેલર |
| શાસ્ત્રીય નૃત્ય ભારતનાટયમ | અ વિભાગ | મનાલી આર. નાતાલી |
| એકાંકી | ખુલ્લો વિભાગ | મલ્હાર ગૃપ |

| દ્વિતિય વિજેતા | | |
|---|---|---|
| નિબંધ | અ વિભાગ | શ્વેતા એમ. દ્વિવેદી |
| પાદપૂર્તિ | બ વિભાગ | મહેન્દ્રકુમાર પી. પંડયા |
| શાસ્ત્રીય કંઠય સંગીત | બ વિભાગ | હિમા એમ. દેસાઈ |
| હાર્મોનીયમ | ખુલ્લો વિભાગ | સુનીલ વી. રેવર |

| તૃતિય વિજેતા | | |
|---|---|---|
| ગઝલ શાયરી લેખન | બ વિભાગ | નિલેશકુમાર કે. પટેલ |
| સમુહ ગીત | ખુલ્લો વિભાગ | રૂ.સી.મા.પૂણાવાળા એકસપરીમેન્ટલ હાઈસ્કુલ |
| ભજન | ખુલ્લો વિભાગ | રૂચી જનકકુમાર ઠાકર |
| એક પાત્રીય અભિનય | અ વિભાગ | પલક બી. શાહ |
| હળવું કંઠય સંગીત | અ વિભાગ | ફોરમ એન. સંઘવી |
| શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા | ખુલ્લો વિભાગ | પાર્થિવ આર. ભટ્ટ |

ઉપરોકત વિજેતા પૈકી પ્રથમ અને ધ્વિતીય ક્રમે વિજેતા થયેલ સ્પર્ધકો તા. ર૯ થી ૩૧ ડિસેમ્બર–ર૦૦પ દરમ્યાન જામનગર મુકામે રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

TOP